eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 94
March 16, 2007

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૮–૩–૨૦૦૭ના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી




આંતર રાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી ૮ મી માર્ચ ૨૦૦૭ ના રોજ સરદાર ખંડ, મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે બપોરે ૩.૩૦ કલાકે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, મુખ્ય મહેમાન તરીકે પ્રસિધ્ધ સાહિત્યકાર અને કવિ શ્રીમતી રીનાબેન મહેતા તેમજ વીર નર્મદ દ.ગુ.યુનિ.ના પ્રોફેસર શ્રીમતી દિપીકાબેન શાહ, ડે.મેયરશ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા ઉપસ્થિત રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૯–૩–૨૦૦૭ના રોજ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

સુરત મહાનગર સેવા સદન તરફથી દર વર્ષે વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. જેમાં સુપ્રસિધ્ધ વ્યાખ્યાનકારોને નિમંત્રણ આપવામાં આવે છે. તેમજ જુદાજુદા વિષયો પર વ્યાખ્યાનકારો પોતાનું મંતવ્ય રજુ કરે છે. આ વર્ષે પણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ " સરદાર ખંડ " સુરત મહાનગર સેવાસદન ખાતે તા. ૯–૩–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રીના પ્રમુખપદે સાંજે ૫.૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં આમંત્રિત મહેમાન વીર નર્મદ યુનિવર્સિટી પ્રો. શશીકાંત શાહનું મેયરશ્રીએ શાલ ઓઢાડી તેમજ સ્મૃતિ ભેટ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. પ્રો. શશીકાંત શાહે " યુવાનો સામેના પડકારો " ઉપર પોતાનું વ્યકતવ્ય રજુ કર્યુ હતું.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૦–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત તેમજ ઉદ્દઘાટન



સુરત મહાનગર સેવાસદન દ્વારા શહેરીજનોની તૃષાને સંતૃપ્ત કરવા સરથાણા વોટર વર્કસ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ટાંકીનું ઉદઘાટન, ઉધના ઉદ્યોગનગર સંઘ ખાતે સાકારિત ભૂગર્ભ ટાંકી–બુસ્ટર હાઉસ ઉદઘાટન તથા ટ્રાફીક સમસ્યાના નિરાકરણ માટે ઉધના દરવાજા જકંશન ફલાય ઓવર બ્રીજનું ઉદઘાટન અને અમરોલી પુલના પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૨–૩–૨૦૦૭ના રોજ 'સુરત દર્શન પ્રવાસી બસ'નો શુભારંભ કાર્યક્રમ

સુરત મહાનગર સેવાસદન ધ્વારા શહેરના જોવાલાયક અને ઐતિહાસિક સ્થળોની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડતી " સુરત દર્શન પ્રવાસી બસ "નો શુભારંભ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે ચોકબજાર કિલ્લાના મેદાન પાસે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, સુરત મહાનગર સેવાસદનના વિવિધ અધિકારીઓ, કર્મચારીઓ તથા વિશાળ જનમેદની વચ્ચે " સુરત દર્શન પ્રવાસી બસ "નું શુભારંભ થયો હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૨–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મેયરશ્રીના હસ્તે ઉદઘાટન તથા ખાતમુહૂર્તવિધિ



મા. મેયરશ્રીના વરદહસ્તે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રોસેસ દરમ્યાન ઉત્પન્ન થતાં સુએઝ ગેસમાંથી વિજળી ઉત્પન્ન કરવાના પાવર પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ ભટાર, કરંજ અને સિંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સંપન્ન થઈ. સદર ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૧.૦ મેગા વોટ ક્ષમતાનો સુએઝ ગેસ આધારીત પાવર પ્લાન્ટ બનાવવાની કામગીરી કેમટ્રોલ્સ એન્જીનીગરીંગ લી. મુંબઈને સોંપવામાં આવેલ છે. સદર પ્રોજેકટની કુલ કિંમત અનુક્રમે રૂા. ૮૨૨.૮૯ લાખ, રૂા. ૮૧૬.૦૦ લાખ અને રૂા. ૮૦૮.૦૦ લાખ થાય છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૩–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મેયરશ્રીના હસ્તે ઉદ્દઘાટનવિધિ

સુરત મહાનગર સેવાસદન ધ્વારા નિર્મિત યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર, અંબાનગર, અઠવા ઝોન, ગલેમંડી સેન્ટ્રલ ઝોન સ્થિત વેજીટેબલ અને ફ્રુટ માર્કેટ તથા વરાછા ઝોન સ્થિત યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર આમ કુલ ત્રણ પ્રકલ્પોની ઉદઘાટનવિધિ માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ધ્વારા સંપન્ન કરવામાં આવી હતી. સેન્ટ્રલઝોન વિસ્તારમાં ગલેમંડી ગેટ નજીક સંજીવકુમાર માર્ગ પર વોર્ડ નં. ૭ના નોંધ નં. ૪૧૯૫ પર વેજીટેબલ અને ફૂટમાર્કેટ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. સદર માર્કેટનાં બાંધકામનું કુલ ક્ષેત્રફળ ૨૫૪.૪૭ ચો.મી. છે. સદર માર્કેટનાં બાંધકામ અંગે કુલ્લે રૂા. ૧૪,૫૧,૦૦૦.૦૦નો ખર્ચ થયેલ છે.



## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૮–૩–૨૦૦૭ના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી




આંતર રાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા તરફથી ૮ મી માર્ચ ૨૦૦૭ ના રોજ સરદાર ખંડ, મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે બપોરે ૩.૩૦ કલાકે મહિલાઓના સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સન્માન સમારંભમાં મા.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, મુખ્ય મહેમાન તરીકે પ્રસિધ્ધ સાહિત્યકાર અને કવિ શ્રીમતી રીનાબેન મહેતા તેમજ વીર નર્મદ દ.ગુ.યુનિ.ના પ્રોફેસર શ્રીમતી દિપીકાબેન શાહ, ડે.મેયરશ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા ઉપસ્થિત રહયા હતા. આ સમારંભમાં મહાનગરપાલિકાની ચૂંટાયેલી મહિલા સદ્દસ્યશ્રીઓ, શિક્ષણ સમિતિની મહિલા સદ્દસ્યશ્રીઓ અને ચેનલની મહિલા પત્રકારો તેમજ શહેરની મહિલા સંસ્થાઓના પ્રતિનિધિઓ મળી ૫૫ જેટલી મહિલાઓનું સ્મૃતિ ભેટ અને ગુલાબથી સન્માન કર્યુ હતું. મા.મેયરશ્રીએ તેમના ઉદ્દબોધનમાં કહયું હતું કે, '' આતંરરાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણી કરવી પડે છે, તે જ આપણી કમનશીબી છે. દેશના વિકાસ માટે મહિલાઓનો યોગદાન ખૂબ જરૂરી છે. આજે સ્ત્રીની ૨૦ % શકિત જ બહાર આવી છે. તે પૂરેપૂરી બહાર આવે તે માટે આપણે પ્રયત્ન કરવા જોઈએ. હિન્દુસ્તાનમાં સ્ત્રીધનને બચાવવા સરકારે મહિલા માટે સીકયુરીટી ઉભી કરી, નોકરીમાં પણ તેઓ માટે આરક્ષણ કરવું જોઈએ.

પ્રખર પ્રસિધ્ધ સાહિત્યકાર અને કવિ શ્રીમતી રીનાબેન મહેતા તેમજ વીર નર્મદ દ.ગુ.યુનિ.ના પ્રોફેસર શ્રીમતી દિપીકાબેન શાહ તેમના સંબોધનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે મહિલાઓના મતાધિકાર અંગે પ્રકાશ પાડયો હતો. તેમના વ્યકતવ્યમાં જણાવ્યું કે, આજેપણ સમાજમાં પહેલી દીકરી હોય તો લોકોના મોઢા કરમાય જાય છે. બહેનો જ બહેનોની દુશ્મન બને છે. આપના સુધરેલા સમાજ કરતાં પછાત ગણાતા આદિવાસીઓ આગળ છે, કે તેઓ દીકરા–દીકરી વચ્ચે ભેદ રાખતા નથી. તેમને બહેનોને ઘરના કાર્યો ઉપરાંત ફાજલ સમયનો ઉપયોગ કરી જેને ભણવાનો મોકો નથી મળ્યો, જેઓ સુખ માટે તલસે છે તેઓને જીવન બનાવવામાં સહાયરૂપ થવાનો અનુરોધ કર્યો હતો. શ્રીમતી રીનાબેન મહેતાએ માહિતી આપતા જણાવ્યું સૌ પ્રથમ ૧૯૧૦ માં ભારતમાં મહિલા સંમેલન થયું હતું. અને ૮ મી માર્ચ ૧૯૫૭ ના રોજ અમેરિકાની એક કંપનીની બહેનોએ કામનો સમય ઘટાડવા માટે આંદોલન કરી સમય ઓછો કરાવેલ, તેને અનુલક્ષીને ૮ મી માર્ચને આંતરરાષ્ટ્રિય મહિલાદિન તરીકે ઉજવવામાં આવે છે. સમારંભના અંતે યામિની વ્યાસએ '' સ્ત્રી ભ્રૂણ હત્યા '' ઉપર નાટયકૃતિ રજુ કરી હતી.

TOP

## સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૯–૩–૨૦૦૭ના રોજ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ

સુરત મહાનગર સેવા સદન તરફથી દર વર્ષે વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. જેમાં સુપ્રસિધ્ધ વ્યાખ્યાનકારોને નિમંત્રણ આપવામાં આવે છે. તેમજ જુદાજુદા વિષયો પર વ્યાખ્યાનકારો પોતાનું મંતવ્ય રજુ કરે છે. આ વર્ષે પણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ " સરદાર ખંડ " સુરત મહાનગર સેવાસદન ખાતે તા. ૯–૩–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રીના પ્રમુખપદે સાંજે ૫.૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેમાં આમંત્રિત મહેમાન વીર નર્મદ યુનિવર્સિટી પ્રો. શશીકાંત શાહનું મેયરશ્રીએ શાલ ઓઢાડી તેમજ સ્મૃતિ ભેટ અર્પણ કરી સ્વાગત કર્યુ હતું. પ્રો. શશીકાંત શાહે " યુવાનો સામેના પડકારો " ઉપર પોતાનું વ્યકતવ્ય રજુ કર્યુ હતું. જેમાં યુવાનોને પોતાની શકિતઓને ઓળખવા તથા વધુ પડતો આત્મવિશ્વાસ ન રાખતાં તથા પર્યાવરણમાં રહેલા જોખમોને ઓળખવા, ભય સ્થાોનથી પરિચિત રહેવા, જીવનમાં પ્રાપ્ત અનુભવો પરથી શીખવું, પોતાની સામે આવેલ તોકને ઓળખવું તેમજ પોતાની મર્યાદાનો ખ્યાલ રાખવો, સારા મિત્રોની પસંદગી કરવાની તેમજ ખરાબ મિત્રોથી દૂર રહેવા, તેમજ સમયનો સદઉપયોગ કરવા અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડયું હતું.




વ્યાખ્યાનમાળામાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીઓ/કર્મચારીઓ તથા આમંત્રિતો હાજર રહયા હતા. કાર્યક્રમનું સમાપન શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ આભાર વ્યકત કરી કર્યુ હતું.

TOP

# સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૦–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત તેમજ ઉદઘાટન



સુરત મહાનગર સેવાસદન દ્વારા શહેરીજનોની તૃષાને સંતૃપ્ત કરવા સરથાણા વોટર વર્કસ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ટાંકીનું ઉદઘાટન, ઉધના ઉદ્યોગનગર સંઘ ખાતે સાકારિત ભૂગર્ભ ટાંકી–બુસ્ટર હાઉસ ઉદઘાટન તથા ટ્રાફીક સમસ્યાના નિરાકરણ માટે ઉધના દરવાજા જકંશન ફલાય ઓવર બ્રીજનું ઉદઘાટન અને અમરોલી પુલના પ્રકલ્પની ખાતમુહૂર્તવિધિ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સંપન્ન થઈ.

મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદીના વરદ્હસ્તે નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત – ૨૦૦૭ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે વિકાસની પ્રક્રિયામાં પ્રજાને ભાગીદાર બનાવી સર્વજન સુખાય સર્વજન હિતાય એ રીતે કામગીરી થશે તો સાર્થકતા ગણાશે. પ્રજાની વર્ષો જુની માંગણીના ઉકેલ રૂપે બ્રીજના પ્રકલ્પરૂપે અમરોલી પુલનું ખાતમુહૂર્ત કરવામાં આવે છે. વિકાસની સાથે નવા વિકાસની તકો ઉભી કરવા તંત્રને આહવાન કર્યો હતો. વારિગૃહ યોજના તથા પ્રાથમિક સુવિધાના કામો સમયર્મયાદામાં પૂર્ણ કરવા જણાવ્યુ હતુ. ગુજરાતના શહેરી જીવનમાં આધુનીકતા સાથે વિકાસની તકો ઉભી થાય તે જોવા વહીવટી તંત્રને અપીલ કરી હતી. જુદી જુદી યોજનાઓ ધ્વારા પ્રજાને અનેક સુવિધાઓ સાથે પર્યાવરણની જાળવણી થાય તે રીતે કાર્યવાહી કરવા જણાવેલ. નવી દ્રષ્ટી અને નવા આયોજન સાથે સર્વાંગી વિકાસની પ્રક્રિયામાં જોડાવા આહવાન કર્યુ હતું. આદીવાસી યોજના – સાગર ખેડુ યોજના ધ્વારા ગુજરાત પ્રગતિમાં અગ્રસર રહેશે. સમગ્ર વિશ્વને ગુજરાત પોતાનુ લાગે તેવા પ્રયત્નો માટે તમામ નાગરિકોના સાથ સહકારની માંગણી કરી સુરત શહેરે અનેક યોજનાઓનું આયોજન કરી પૂર્ણ કરી જે કામગીરી કરેલ છે. તે અભિનંદનીય છે.



સુરત મહાનગર સેવાસદન ધ્વારા આજે ઉધના ખાતે ભૂગર્ભ ટાંકી અને બુસ્ટર હાઉસના ઉદઘાટનથી ઉધના વિસ્તારની જનતાને પાણીની સુવિધા મળશે. તથા સરથાણા વોટર વર્કસ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો પ્રકલ્પ ખૂબ જ અદભૂત છે. સુરત મહાનગર સેવસદાનનું પાણી માટેનું આયોજન ખૂબ દીર્ઘદ્રષ્ટિપૂર્વકનું છે. જે ખરેખર પ્રશંસનીય છે. સુરત શહેર સ્વચ્છતાના ક્ષેત્રે અન્ય શહેરો માટે પ્રેરણારૂપ બન્યું છે. ગુજરાત મુડીરોકાણ માટે ખૂબ જ મહત્વનું બન્યું છે. વાયબ્રન્ટ ગુજરાત સમીટ સમયે સુરત શહેરમાં સૌથી વધુ એમ. ઓ. યુ. થયા હતા. તેમજ પર્યાવરણને જાળવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. ૧૯૬૦માં ગુજરાત રાજયના જન્મ પછી ઘણી પંચવર્ષિ યોજનાઓ અમલમાં

આવી. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ગુજરાતનો વિકાસ અદભૂત છે. આગામી વર્ષોમાં આ યોજનાઓમાં એક લાખ કરોડ રૂપિયા ફાળવવાનો લક્ષ્યાંક છે.

આમ ગુજરાતને સમૃધ્ધ બનાવવા માટે ફકત શહેરો જ નહીં ગામડાઓના વિકાસ પરત્વે પણ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. વનીકરણ તથા સાગર ખેડુ યોજના ધ્વારા આદિવાસીઓના વિકાસ માટે લાભદાયી પુરવાર થશે. સમગ્ર ગુજરાતને સુરત શહેરે માળખાકીય સુવિધાઓ તેમજ સ્વચ્છતાના ક્ષેત્રે પ્રેરણા પૂરી પાડીછે.



મા. પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે પોતાના સંભાષણમાં જણાવ્યું હતું કે સુરત શહેરે તાજેતરના પૂર પછી વિકાસ સાધવા અથાગ પ્રયત્ન કરેલ છે. શહેરના હદ વિસ્તરણ પછી જુદા જુદા વિસ્તારોની સમસ્યા હલ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. રાજય સરકાર તરફથી ખાડીઓની સાફ સફાઈ માટે પુરતી નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રજાના સહકાર અને લોકભાગીદારી તથા વહીવટી તંત્રના આયોજનથી વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવે છે. જે પ્રશંસનીય છે.

મા. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી આઈ. કે. જાડેજા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે પ્રજાજનને માળખાગત સુવિધા અને સામાજીક વિવિધ યોજનાઓના સમન્વયથી શહેરનો સર્વાંગી વિકાસ થાય તે રીતે વિવિધ યોજનાઓનું આયોજન કરી પૂર્ણ કરવા પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓએ જે પ્રયત્ન કરેલ છે. તે અભિનંદનને પાત્ર છે.ગુજરાત અને સુરત શહેરને નિર્મળ બનાવવા અથાગ પ્રયત્નો કરવા જણાવ્યું હતું. ગુજરાત અનેક ક્ષેત્રોમાં સમગ્ર દેશમાં અગ્રેસર છે. આર્થિક વિકાસ ક્ષેત્રે સુરત શહેર દેશમાં ચોથા ક્રમનું શહેર છે. અનેક ક્ષેત્રોમાં વિકાસ સાધી વિશ્વનું આગવું શહેર બને તેવી અપેક્ષા વ્યકત કરી હતી. સમગ્ર દેશમાં જનતાને સાથે રાખીને ચાલનારી જો કોઈ સરકાર હોય તો તે ગુજરાત સરકાર છે.



કાર્યક્રમના મુખ્ય મહેમાન પૈકી સુરત શહેરના સાંસદ શ્રી કાશીરામ રાણાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે સુરત મહાનગર સેવા સદન ધ્વારા જુદા જુદા પ્રકલ્પોનું આયોજન તથા પાણી અને ટ્રાફીકની સમસ્યાના નિરાકરણ માટેના પ્રયત્નોરૂપે જે પ્રકલ્પોનું નિર્માણ કરેલ છે. તે માટે સુરત મહાનગર સેવા સદન અભિનંદનને પાત્ર છે. અમરોલી વિસ્તારની પ્રજાને તાપી નદી પર એક જ પુલ હોવાથી જે જટીલ સમસ્યાનો સામનો કરવો પડે છે. જેના નિરાકરણ માટે સુરત મહાનગર સેવાસદન ધ્વારા પુલના નિર્માણનું ખાતમુહૂર્ત કરી સ્તુત્ય પ્રયાસ કરવામાં આવેલ છે. સુરત મહાનગર સેવાસદન પોતાની વિકાસ યાત્રામાં અગ્રેસર રહે તેવી લાગણી વ્યકત કરી હતી. શહેરના હદ વિસ્તરણ બાદ નવા વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય અને સુરત શહેર વિકસીત અને રમણીય શહેર બનાવવા પ્રયત્ન કરવા અપીલ કરી હતી.

મા. મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે આજનો દિવસ સુરત મહાનગર સેવા સદનના વિકાસ માટે સીમાચીન્હરૂપ છે. ટ્રાફીકની સમસ્યા હલ કરવા તથા શહેરના નાગરિકોની પ્રાથમિક જરૂરીયાત પૂર્ણ કરવા નવા પ્રકલ્પોનું આયોજન કરવામાં આવેલ છે. શહેરી ગરીબ નાગરિક આવાસ યોજના હેઠળ શહેરના અનેક વિસ્તારોમાં આ અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

કાર્યક્રમના શુભારંભે સ્વાગત પ્રવચન કરતા મ્યુ. કમિશનરશ્રી  પંકજ જોષીએ જણાવ્યુ હતું કે સુરત શહેર અનેક કુદરતી મુસીબતોમાંથી બહાર આવી આરોગ્ય અને નાગરિક ક્ષેત્રોની સુવિધા માટે અનેક ક્ષેત્રોના પ્રકલ્પોનું આયોજન કરી વિશ્વ કક્ષાએ પાયાની સુવિધા આપવામાં અગ્રસર રહયું છે. ઈન્ડોર સ્ટેડીયમ, હોસ્પિટલો, ઓવર બ્રીજો, વહિવટી ભવનો, નાગરિક સુવિધા કેન્દ્રો તથા ટ્રાફીકની સમસ્યાઓના નિરાકરણ માટે પુલો, વારીગૃહ યોજનાઓના પ્રકલ્પોનું નિર્માણ કરી પ્રજાને અર્પણ કરેલ છે.




અંતમાં ડે. મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા પ્રભુ વંદનાથી કરવામાં આવેલ. આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો, પત્રકારમિત્રો, ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ કરેલ.

TOP

# સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૨–૩–૨૦૦૭ના રોજ 'સુરત દર્શન પ્રવાસી બસ'નો શુભારંભ કાર્યક્રમ




સુરત મહાનગર સેવાસદન ધ્વારા શહેરના જોવાલાયક અને ઐતિહાસિક સ્થળોની માહિતી અને માર્ગદર્શન પૂરું પાડતી '' સુરત દર્શન પ્રવાસી બસ ''નો શુભારંભ મા. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે ચોકબજાર કિલ્લાના મેદાન પાસે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, સુરત મહાનગર સેવાસદનના વિવિધ અધિકારીઓ, કર્મચારીઓ તથા વિશાળ જનમેદની વચ્ચે '' સુરત દર્શન પ્રવાસી બસ ''નું શુભારંભ થયો હતો. સુરત દર્શન પ્રવાસી બસનો પ્રથમ લાભ શહેરની લબ્ધપ્રતિષ્ઠિત શાળા શારદાયતન સ્કુલના વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક લીધો હતો.

સુરત દર્શન પ્રવાસી બસ દર શનિવાર–રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ચોકબજાર કિલ્લાના મેદાનથી પ્રસ્થાન કરશે અને શહેરના નીચે મુજબના જોવાલાયક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાતની તક પ્રાપ્ત કરાવશે. સુરત દર્શન પ્રવાસી બસ ટીકીટનો દર ૫ થી ૧૨ વર્ષ સુધીના બાળકો માટે રૂા. ૨૦.૦૦ અને ૧૨ વર્ષથી ઉપરના વ્યકિતઓ માટે રૂા. ૪૦.૦૦ રહેશે. વ્યકિતગત તથા ગૃપ બુકીંગ માટે સુરત મહાનગર સેવાસદનના જનસંપર્ક વિભાગ, રૂમ નં. ૨૨ માં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

| ક્રમ | નિદર્શન સ્થળોના નામ |
|---|---|
| (૧) | કિલ્લો (ચોકબજાર) |
| (૨) | સ.વ.પટેલ સંગ્રહસ્થાન અને રોટે.એ.એમ.મહેતા મેમો. પ્લેનેટોરીયમ (ચોકબજાર) |
| (૩) | સુરત મહાનગરપાલિકા કચેરી (મુગલસરાઈ) |
| (૪) | ચિંતામણી જૈન દહેરાસર (શાહપોર) |
| (૫) | મરઝાન શામી, ખુદાવંદખાનના રોજા (વરિયાવી બજાર) |
| (૬) | ડચ, આર્મેનીયમ, અંગ્રેજોની સિમેટ્રી (કબ્રસ્તાન) (કતારગામ દરવાજા) |
| (૭) | કંતારેશ્વર મહાદેવનું મંદિર (કતારગામ) |
| | |

| ક્રમ | નિદર્શન સ્થળોના નામ |
|---|---|
| (૮) | ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન (સરથાણા નેચરપાર્ક) |
| (૯) | નેતાજી સુભાષચંદ્ર બોઝ ગાર્ડન–સરોવર, વાયા–રીંગરોડ (મોરા ભાગળ) |
| (૧૦) | શ્રી મેરૂલક્ષ્મી યંત્ર મંદિર (તાડવાડી, રાંદેર રોડ) |
| (૧૧) | સ્વામિનારાયણ મંદિર (અડાજણ) |
| (૧૨) | કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય (ઘોડદોડ રોડ) |
| (૧૩) | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ (અઠવાલાઈન્સ) |
| (૧૪) | ડુમસ વાયા ગૌરવપથ |
| (૧૫) | ચોક બજાર, કિલ્લાના મેદાન પરત... |

TOP

# સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૨–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મેયરશ્રીના હસ્તે ઉદઘાટન તથા ખાતમુહૂર્તવિધિ



મા. મેયરશ્રીના વરદહસ્તે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પ્રોસેસ દરમ્યાન ઉત્પન્ન થતાં સુએઝ ગેસમાંથી વિજળી ઉત્પન્ન કરવાના પાવર પ્લાન્ટની ખાતમુહૂર્તવિધિ ભટાર, કરંજ અને સિંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સંપન્ન થઈ. સદર ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૧.૦ મેગા વોટ ક્ષમતાનો સુએઝ ગેસ આધારીત પાવર પ્લાન્ટ બનાવવાની કામગીરી કેમટ્રોલ્સ એન્જીનીગરીંગ લી. મુંબઈને સોંપવામાં આવેલ છે. સદર પ્રોજેકટની કુલ કિંમત અનુક્રમે રૂા. ૮૨૨.૮૯ લાખ, રૂા. ૮૧૬.૦૦ લાખ અને રૂા. ૮૦૮.૦૦ લાખ થાય છે. જેમાં પ્રોજેકટ પ્રસ્થાપિત કરવાની કેપીટલ કોસ્ટ તેમજ ૦૫ વર્ષ પ્લાન્ટ માટે પ્લાન્ટ ચલાવવાના તેમજ તેના મરામત અને નિભાવના ખર્ચનો સમાવેશ થાય છે. આ ત્રણેય પ્રોજેકટમાં, પ્રોજેકટ કોસ્ટનાં ૪૦% અથવા રૂા. ૨.૦ કરોડ / મેગા વોટની સિલીંગ લિમીટને આધીન મીનીસ્ટ્રી ઓફ નોન–કન્વેશનલ એનર્જી સોર્સીસ ટોદભકલ ગર્વનમેન્ટ ઓફ ઈન્ડીયા, ન્યુ દિલ્હી ધ્વારા ગ્રાન્ટ મળનાર છે. આમ, ત્રણેય પ્રોજેકટ મળી કુલ્લે રૂા. ૬.૦ કરોડ જેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી મળવાપાત્ર છે.



આ પ્રોજેકટસ ચાલુ વર્ષના ડીસેમ્બર માસમાં પૂર્ણ થયે વિજળી ઉત્પાદન શરૂ થઈ શકશે. જેથી ત્રણેય પ્લાન્ટ મળીને દસ લાખ યુનીટ પ્રતિ માસ વિજળી ઉત્પન્ન થશે, આ પાવર પ્લાન્ટોથી ઉત્પન્ન થનાર વિજળીથી ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની વિજળીની જરૂરીયાત સંતોષાશે. આમ, થતાં ત્રણેય પ્લાન્ટ ખાતે અંદાજે રૂા. ૪૦,૦૦,૦૦૦/– જેટલી વિજળીની માસિક બચત થશે. કેપીટલ રકમમાં સુરત મહાનગર સેવાસદનની હિસ્સેદારીનો પે–બેક પીરિયડ અંદાજે ત્રણેય પ્લાન્ટ માટે એવરેજ ૦૪ વર્ષ ૦૮ માસનો થશે. વધુમાં સદર ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટોમાં ઉત્પન્ન થતાં મિથેશ ગેસનું સંપૂર્ણ દહન કરવામાં આવતું હોવાથી, આ ત્રણેય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે કાર્બન ક્રેડીટ મળવાપાત્ર છે. જેના કારણે આ ત્રણેય પ્લાન્ટ માટે કેપીટલ રકમમાં સુરત મહાનગર સેવા સદનની હિસ્સેદારીનો પે બેક પીરિયડ આશરે ૦૨ થી ૨ ૧/૨ (બે થી અઢી) વર્ષનો થશે. આ પ્રકારના સુએઝ ગેસ પાવર પ્લાન્ટનો પ્રોજેકટ છેલ્લા સાડા ત્રણ વર્ષથી આંજણા ખાતે સફળતાપૂર્વક કાર્યરત છે.

બાયોગેસના પાવર પ્લાન્ટના મુખ્ય ઘટકોમાં બાયોગેસ એન્જીન જનરેટર સેટ, બાયોગેસ હોલ્ડર, હાઈડ્રોજન સલ્ફાઈડ સ્ક્રબર, ઈન્સ્ટુમેન્ટેશન અને SCADA સીસ્ટમનો સમાવેશ થાય છે. જે પૈકી સુએઝ ગેસ એન્જીન તથા ગેસ હોલ્ડર બહારથી આયાત કરવામાં આવનાર છે.

આ ઉપરાંત મા. મેયરશ્રીના વરદહસ્તે જહાંગીરાબાદ સુએઝ પંપીંગ મથકની ઉદઘાટનવિધિ સંપન્ન થઈ. આ યોજનામાં જહાંગીરપુરા–જહાંગીરાબાદ ટી.પી.સ્કીમ નં. ૪૨, ૪૩, ૪૪ અને ૩૦નો કુલ ૩૪૨.૨૬ હેકટરના વિસ્તારને ડ્રેનેજ સુવિધાથી આવરી લેવામાં આવેલ છે. જેનાથી ૧,૧૫,૦૦૦ લોકોની વસ્તીને ડ્રેનેજની સુવિધા મળશે. આ યોજનામાં ૬૬૨ લાખનો ખર્ચ થયેલ છે. આ પંપીંગ મથકની ક્ષમતા ૩૨.૭૮ એમ.એલ.ડી. છે. જેનું સુએઝ વોટર ભેંસાણ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ટ્રીટમેન્ટ અર્થે મોકલવામાં આવશે.

સુરત શહેરમાં દૈનિક ધોરણે ઉત્પન્ન થતાં અંદાજીત ૧૦૦૦ મે. ટન જેટલા ઘનકચરાના જથ્થા પૈકી ૮૦૦ મે. ટન જેટલા ઘનકચરાનો ઉત્પાદકીય પ્રક્રિયા ઘ્વારા વૈજ્ઞાનિક પઘ્ઘતિથી નિકાલ કરવા માટે સ્થાયી સમિતિએ નિયુકત કરેલ બે એજન્સીઓ પૈકી હંજર બાયોટેક એનર્જીસ, મુંબઈ ઘ્વારા લોકભાગીદારી વડે પ્રસ્થાપિત કરવામાં આવનાર ૪૦૦ મે. ટનની ક્ષમતાવાળા પ્રકલ્પનું ભૂમિપૂજન માન. મેયરશ્રીના વરદહસ્તે તા. ૧૨–૩–૨૦૦૭ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ. આ પ્રકલ્પના પ્રસ્થાપન અંગે થનાર તમામ ખર્ચ હંજર બાયોટેક એનર્જીસ મારફત કરવામાં આવનાર છે અને આ પ્રોજેકટ માટે સુરત મહાનગર સેવાસદનએ ખજોદ ફાયનલ ડીસ્પોઝલ સાઈટ ખાતે ફકત ૨૫ હેકટર જમીન રૂા. ૧/– પ્રતિ ચો.મી. પ્રતિ વર્ષના ટોકન ભાડા પેટે સંબંધિત એજન્સીને ૩૦ વર્ષના કન્સેશન પીરીયડ માટે ફાળવવાની રહે છે. હંજર બાયોટેક એનર્જીસ મારફત ઘનકચરા ઉપર પ્રક્રિયા કરવામાં આવશે અને પ્રક્રિયાના અંતે ઘનકચરામાંથી ખાતર, ગ્રીન ફયુલ અને બ્રીકસ જેવી આડ પેદાશ ઉત્પન્ન થશે. આ આડ પેદાશોની મહાનગર સેવાસદનની જરૂરીયાત મુજબનો જથ્થો એજન્સીને મહાનગર સેવાસદનને નહીં નફો નહીં નુકશાનના ધોરણે પુરો પાડવા માટે લેખિત સંમતિ આપેલ છે.



TOP

# સુરત મહાનગર સેવાસદન ધ્વારા તા. ૧૩–૩–૨૦૦૭ના રોજ વિવિધ પ્રકલ્પોની મા. મેયરશ્રીના હસ્તે ઉદઘાટનવિધિ

સુરત મહાનગર સેવાસદન ધ્વારા નિર્મિત યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર, અંબાનગર, અઠવા ઝોન, ગલેમંડી સેન્ટ્રલ ઝોન સ્થિત વેજીટેબલ અને ફ્રુટ માર્કેટ તથા વરાછા ઝોન સ્થિત યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર આમ કુલ ત્રણ પ્રકલ્પોની ઉદઘાટનવિધિ માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ધ્વારા સંપન્ન કરવામાં આવી હતી.



સેન્ટ્રલઝોન વિસ્તારમાં ગલેમંડી ગેટ નજીક સંજીવકુમાર માર્ગ પર વોર્ડ નં. ૭ના નોંધ નં. ૪૧૯૫ પર વેજીટેબલ અને ફૂટમાર્કેટ જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. સદર માર્કેટનાં બાંધકામનું કુલ ક્ષેત્રફળ ૨૫૪.૪૭ ચો.મી. છે. સદર માર્કેટનાં બાંધકામ અંગે કુલ્લે રૂા. ૧૪,૫૧,૦૦૦.૦૦નો ખર્ચ થયેલ છે. સદર માર્કેટમાં કુલ ૫૭ (સત્તાવન) સ્ટોલનું આયોજન કરેલ છે. સદર માર્કેટ બનવાથી દિલ્હીગેટ જંકશન નજીક અને સુથાર ફળિયામાં રોડ પર બેસનાર શાકભાજી વેચનારાઓને સદર માર્કેટમાં ખસેડવામાં આવશે જેના કારણે ટ્રાફિકને અડચણરૂપ દબાણ દુર થશે અને સદર જગ્યા પરનાં રસ્તા ખુલ્લા થશે. સદર માર્કેટની પશ્ચિમે આવેલ લાગુ હયાત જુના શાકભાજી અને ફૂટ માર્કેટનું રીનોવેશન હાથ ધરવામાં આવનાર છે. જેમાં ૫૦ સ્ટોલનું આયોજન થવાથી સદર જગ્યાએ કુલ ૧૦૭ સ્ટોલનું આયોજન થશે.

સ્વાગત પ્રવચન કરતા કાર્યકારી કમિશનરશ્રી વિજય સોનવણે સુરત મહાનગર સેવાસદન આયોજીત કાર્યક્રમોની રૂપરેખા આપતા જણાવ્યુ હતું કે, સુરત મહાનગર સેવાસદન પ્રજાની જરૂરીયાતો સંતોષવા કટિબધ્ધ છે. યુ.સી.ડી. કેન્દ્રોના માધ્યમ ધ્વારા મહિલા કલ્યાણ અને વિકાસની કામગીરી આગળ વધશે તેવી લાગણી વ્યકત કરી હતી. વેજીટેબલ અને ફ્રુટ માર્કેટ ધ્વારા જે તે વિસ્તારના નાગરિકોને આધુનિક સુવિધાનો લાભ મળશે તથા મહદઅંશે ટ્રાફિક તથા દબાણની સમસ્યામાં ઘટાડો થશે. સ્વચ્છતાના આગવા ધોરણમાં સુરત મહાનગર સેવાસદન અગ્રસર રહેવા અથાગ રીતે પ્રયત્નશીલ છે અને રહેશે.

પ્રાસંગિક પ્રવચન કરતા શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, વિકાસલક્ષી કાર્યોના ભાગરૂપે અને પ્રજાની જરૂરીયાતોને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવાના ભાગરૂપે સુરત મહાનગર સેવાસદન ધ્વારા વિવિધ પ્રકલ્પોના નિર્માણ કરી પરિપૂર્ણ કરી પ્રજાને અર્પણ કરેલ છે. પ્રજાની સમસ્યા અને અપેક્ષા ફળીભુત કરવાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નના ભાગરૂપે વિવિધ પાંખોના સહકારથી યોજનાઓ પરિપૂર્ણ કરવા કટિબધ્ધતા દોહરાવી હતી. નવા સમાવિષ્ટ વિસ્તારો તથા જુના

વિસ્તારોની પ્રજાને દરેક યોજનાનો લાભ મળી રહે તે માટે બજેટમાં જોગવાઈઓ કરવામાં આવી છે. વહીવટી તંત્ર તેમજ વિપક્ષના સહકાર અને સમન્વયથી પ્રજાની સુખાકારીમાં વધારો થાય અને સમસ્યાઓનું નિવારણ થઈ રહે તે માટે સુરત મહાનગર સેવાસદન તત્પર છે. યુ.સી.ડી. કેન્દ્રો ધ્વારા મધ્યમ અને ગરીબવર્ગોની મહિલાના ઉત્થાન માટે યોજનાઓના અમલીકરણ માટે સુરત મહાનગર સેવાસદન કાર્યરત છે.



પ્રાસંગિક પ્રવચન કરતા સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યુ હતું કે, સમાજના વિવિધ વર્ગની જરૂરીયાત, શહેરના વિવિધ પ્રશ્નો જેવા કે ટ્રાફિક સમસ્યા નિવારણ, પાયાની સુવિધાઓ જેવા પ્રજાના કલ્યાણકારી કામો પુરા કરવા તથા વિસ્તારવાદમાં પડયા વગર સુરત મહાનગર સેવાસદન ધ્વારા વિવિધ યોજનાઓના પરિપાકરૂપ વિવિધ પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવેલ છે. ટ્રાફિક સમસ્યાના નિવારણના ભાગરૂપે સમગ્ર રીંગરોડ ઉપર ફલાય ઓવર બ્રીજની ચેઈન ઉભી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. પાણી યોજના ધ્વારા સમગ્ર શહેરની પ્રજાને અવિરત પાણી પુરવઠો મળી રહે તે માટે સુરત મહાનગર સેવાસદન કટિબધ્ધ છે. ગરીબી રેખા નીચે જીવતા પ્રજાજનોને વિવિધ સુવિધા પ્રાપ્ત કરવવાનું મહત્તમ ધ્યેય છે. પર્યાવરણની જાળવણી સાથે વિવિધ પ્લાન્ટોનું આયોજન કરી વિજળી ઉત્પન્ન કરવાનો સનિષ્ઠ પ્રયાસ થયેલ છે.

સરકારશ્રીની શહેરી રોજગારી સુવર્ણ જયંતિ યોજના અંતર્ગત લાભ લેનાર મહિલાઓને જુદા જુદા મહાનુભાવો ધ્વારા કીટ વિતરણ કરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રમુખસ્થાનેથી પોતાના પ્રાસંગિક પ્રવચનમાં માન. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યુ હતું કે, છેવાડાના માનવીઓને વિવિધ પ્રકલ્પોના નિર્માણનો મહત્તમ લાભ મળી શકે તે માટે વહીવટી તંત્ર તેમજ સમગ્ર ચુંટાયેલી પાંખ પ્રયત્નશીલ છે. મહિલાઓ સ્વનિર્ભર બની પોતાનો આર્થિક તેમજ સામાજીક વિકાસ સાધી શકે તે માટેનો નમ્રપ્રયાસ સુરત મહાનગર સેવાસદનનો રહેલો છે. વર્તમાન સમયમાં સ્વરોજગારી યોજનાઓ અમલીકરણની વિશેષ જરૂરીયાત છે. તે સંદર્ભે યુ.સી.ડી. કેન્દ્રોનું નિર્માણ હાથ ધરવામાં આવેલ છે. વેજીટેબલ માર્કેટ ધ્વારા ટ્રાફિક તેમજ દબાણની સમસ્યા હલ કરવા સુરત મહાનગર સેવાસદન પ્રયત્નશીલ છે. યુ.સી.ડી.ની વિવિધ યોજનાઓથી સબસીડી લોન વિગેરે ઉપલબ્ધ કરાવી છેવાડાના માનવીઓ તથા મહિલાઓ મહત્તમ લાભ લઈ પોતાના વિકાસ સાધશે તો આ યોજનાની સાર્થકતા ગણાશે. પર્યાવરણની જાળવણી કરી આવકનો સ્ત્રોત ઉભો કરી શહેરનો સમતોલ વિકાસ સાધવાનો ધ્યેય રહેલો છે. નગરજનો વિવિધ પ્રકલ્પોનો લાભ લઈ તેને કાર્યક્ષમ રાખી આગળ વધારવા તે માટે સૌના સહકારની અપેક્ષા વ્યકત કરી હતી.

નગર નિયોજન સમિતિના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, સુરત મહાનગર સેવાસદનના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ તથા વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી.

TOP